દાખલ થયા તારીખ :૧૫/૦૩/૨૦૨૨
રજી. લીધા તારીખ :૧૫/૦૩/૨૦૨૨
નિકાલ તારીખ : ૧૧/૦૭/૨૦૨૩
સમય : વર્ષ... માસ.....દિવસ.....

**અમદાવાદના મહે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૧૩, (શ્રી એ.જી. ઓઝા)સાહેબની કોર્ટમાં, મુ. અમદાવાદ.**

ફોજદારી કેસ નં.૨૯૯૬૯/૨૦૨૨
આંક:-૧૩

શ્રી સરકાર ..........**ફરિયાદી**

**વિરુધ્ધ**

મહેશ ઉર્ફે શેરાવાળો ઉર્ફે નાનુભાઈ વિઠ્ઠલભાઈ પટણી(લેલીવાળા),
ઉ.વ.૨૩,
રહે. પટણીનગર, રામચંદ્ર કોલોનીની સામે,
ઘંટી બસ સ્ટેન્ડ પાસે,
ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ ..........**આરોપી**

**ગુન્હો:**-ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૬, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ.

ફરિયાદ પક્ષે :- વિ.ઈન્ચાર્જ એ.પી.પી.શ્રી બી. આર. બારોટ
આરોપી પક્ષે :- વિ.વકીલશ્રી વાય. જી. પોરવાલ

## <u>-:: ચુકાદો ::-</u>

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી વિજયભાઈ વિઠ્ઠલભાઈ પટણી(સોમલાવાળા) તેમના પરિવાર સાથે ગાયત્રીનગરના છાપરા, પતરાવાળી ચાલી, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ ખાતે રહે છે અને કુબેરનગર ખાતે લારીમાં ફેરી કરીને શાકભાજીનો વેપાર કરે છે. ગઈ તા.૧૯/૦૯/૨૦૨૧ના સવારના દસેક

વાગ્યાના સુમારે ફરિયાદી તેમના મિત્ર મનોજભાઈ ભરતભાઈ પટણી સાથે મેઘાણીનગર, ચમનપુરા, બાપાલાલ ઘાંચીની ચાલી ગેટ નં.૨ પાસે આવેલ સરકારી રાશનની દુકાને રાશન લેવા દુકાનના ઓટલા ઉપર ઉભા હતાં ત્યારે આરોપી મહેશ ઉર્ફે શેરાવાળો તથા વોન્ટેડ આરોપી મનિષભાઈ વિઠ્ઠલભાઈ પટણી બંને તેમના હાથમાં લોખંડની પાઈપ લઈ ફરિયાદી પાસે આવેલ અને ફરિયાદીના ભાઈ સતિષભાઈ વિઠ્ઠલભાઈ પટણી સાથે આરોપીઓને બે વર્ષ અગાઉ ઝઘડો થયેલ તેની અદાવત રાખી આરોપી મહેશ ઉર્ફે શેરાવાળા ઉર્ફે નાનુભાઈએ ફરિયાદીને ''તારો ભાઈ સતિષ તો મરતા મરતા બચી ગયો છે પણ તમારા પરિવારને તો જીવવા નહીં જ દઈએ'' તેમ કહી બિભત્સ ગાળો આપવા લાગતાં ફરિયાદીએ તેની સાથે ઝઘડો કરવાની ના પાડતાં વોન્ટેડ આરોપી મનિષભાઈએ ફરિયાદીને ''સતિષ તારો જ ભાઈ છે અને તમારી સાથે જ રહે છે જેથી તું પણ તારા ભાઈ સાથે મળેલ છે તેમ કહી ફરિયાદીને બિભત્સ ગાળો આપતાં ફરિયાદીએ બંને આરોપીઓને ગાળો બોલવાની ના પાડતાં બંને આરોપીઓ ઉશ્કેરાઈ ગયેલ અને આરોપી મહેશ ઉર્ફે શેરાવાળાએ તેની પાસે રહેલ લોખંડની પાઈપ ફરિયાદીને જમણા હાથે કાંડા તથા પંજાના ભાગે મારી અને આરોપી મનિષે જમણા ખભાના ભાગે લોખંડની પાઈપ મારી સ્વૈચ્છાપૂર્વક મહા વ્યથા નિપજાવી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ કરી ગુન્હો કરેલ.

(૨) ફરિયાદીએ બનાવ અંગે ફરિયાદ આપેલ જે ફરિયાદ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં પાર્ટ–એ ગુ.રજી.નં.૧૧૧૯૧૦૩૩૨૧૧૧૨૩/૨૦૨૧થી નોંધાયેલ. બાદ આ ગુના અંગે તપાસનીશ અધિકારીએ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. બાદ આરોપી મહેશ ઉર્ફે શેરાવાળા ઉર્ફે નાનુભાઈને ધોરણસર અટક કરી તપાસનાં અંતે પુરતો પુરાવો જણાતા આરોપી મહેશ ઉર્ફે શેરાવાળા ઉર્ફે નાનુભાઈ વિઠ્ઠલભાઈ પટણી(લેલીવાળા)

વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૬, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ કરેલ છે અને સદર ચાર્જશીટમાં આરોપી મનિષભાઈ વિઠૃલભાઇ પટણીને નાસી છુટેલ આરોપી તરીકે બતાવેલ છે.

(૩) આ કામમાં ચાર્જશીટ રજુ થતા મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ આરોપી મહેશ ઉર્ફે શેરાવાળા ઉર્ફે નાનુભાઇ વિઠૃલભાઇ પટણી(લેલીવાળા) સામેના ગુનાનું સંજ્ઞાન લઈ આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢતા, આરોપી હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપી, આરોપી સામેના આક્ષેપો તેઓને વાંચી સંભળાવી સમજાવી આંક-૩ થી તહોમતનામું ફરમાવી, આંક-૪ થી ગુન્હાની પ્લી લેતાં, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ. બાદ આ કામ ફરિયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે.

(૩.૧) ફરિયાદપક્ષનો પુરાવો શરૂ થતા પહેલા બંને પક્ષકારોએ આંક-૫થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે પરંતુ આરોપી સામેના ગુનાના આક્ષેપો જોતા તે ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૬, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧)ના મુજબના ગુન્હાના હોય ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦(૧) અને ૩૨૦(૨) અન્વયે માંડવાળ થઈ શકે તેમ ના હોય સમાધાન નામંજુર કરી કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

## <u>(એ) મૌખિક પુરાવા</u>

| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી વિજય વિઠૃલભાઇ પટણીની સોગંદપરની જુબાની | ૦૬ |

## (બી) દસ્તાવેજી પુરાવા

| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદની નકલ | ૦૭ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાના પંચનામાની નકલ | ૦૮ |
| ૩ | મુદ્દામાલ રીકવરીના પંચનામાની નકલ | ૦૯ |
| ૪ | ફરિયાદીના ઈજા પ્રમાણપત્રની નકલ | ૧૦ |
| ૫ | હથિયારબંધી જાહેરનામાની નકલ | ૧૧ |
| ૬ | કલોઝીંગ પુરસીસ | ૧૨ |

(૫) આ કામે ફરીયાદપક્ષે મુળ ફરિયાદીએ આંક-૧૨થી ફરિયાદપક્ષનો પુરાવો પુરો કર્યાનુ જાહેર કરતી પુરશીશ રજુ કરેલ છે. બાદ વિ. ઈન્ચાર્જ એ.પી.પી.શ્રી બી.આર. બારોટે પુરાવો પુરો થયાનું મૌખીક જાહેર કરતા, રજુ પુરાવો જોતા આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદનો નોંધવા યોગ્ય પુરાવો જણાતો ન હોય, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ફરિયાદપક્ષે વિ. ઈન્ચાર્જ એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૬) ફરિયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલા પુરાવાઓ તેમજ દલીલો ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસના આખરી નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

### .-:: મુદ્દા ::-

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૧૯/૦૯/૨૦૨૧ના સવારના દસેક વાગ્યાના સુમારે ફરિયાદી મેઘાણીનગર, ચમનપુરા, બાપાલાલ ઘાંચીની ચાલી, ગેટ નં.૨ પાસે આવેલ સરકારી રાશનની દુકાનના ઓટલા ઉપર ઉભા હતાં ત્યારે આરોપી મહેશ ઉર્ફે શેરાવાળો ઉર્ફે નાનુભાઈ પટણી તથા મનિષભાઈ વિઠ્ઠલભાઈ પટણીનાએ તેઓને ફરિયાદીના ભાઈ સતિષભાઈ વિઠ્ઠલભાઈ સાથે બે વર્ષ અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી

ફરિયાદીને બિભત્સ ગાળો આપી બંને આરોપીઓએ ફરિયાદીને લોખંડની પાઈપ વડે માર મારી સ્વૈચ્છાપૂર્વક મહાવ્યથા નિપજાવી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૬, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના કારણોની ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧)નકારાત્મક.

(૨)આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

## –<u>:: કારણો ::</u>–

**મુદ્દા નંબર :– ૧.**

(એ) આ કામે મુદા નં.૧ની ચર્ચા કરતા પહેલા એ નોંધવું જરૂરી છે કે, ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૬, ૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ૧૩૫(૧) મુજબ આ કામના આરોપી મહેશ ઉર્ફે શેરાવાળો ઉર્ફે નાનુભાઈ વિઠ્ઠલભાઈ પટણી અને વોન્ટેડ આરોપી મનિષભાઈ વિઠ્ઠલભાઈ પટણીનાને ફરિયાદીના ભાઈ સતિષભાઈ સાથે બે વર્ષ અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી ફરિયાદીને બિભત્સ ગાળો આપી લોખંડની પાઈપ વડે માર મારી સ્વૈચ્છાપૂર્વક મહાવ્યથા નિપજાવી તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલાનો આક્ષેપ છે ત્યારે ફરિયાદપક્ષે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત પ્રમાણે આરોપી સામેના તમામ આક્ષેપો વાજબી પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવા પડે અને તેમ કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ જાય તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે.

(બી) ઉપરોકત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલ પુરાવા પરથી હાલના બનાવ માટે આરોપી જવાબદાર છે કે કેમ? તેમજ હાલના કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં તેઓને ફરિયાદીના ભાઈ સાથે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી ફરિયાદીને બિભત્સ ગાળો આપી, ફરિયાદીને લોખંડની પાઈપ વડે માર મારી સ્વૈચ્છાપૂર્વક મહાવ્યથા નિપજાવેલ તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોવાનો બનાવ બનેલ છે કે કેમ? તે બાબતેની તકરારના સંદર્ભમાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદપક્ષે સૌપ્રથમ ફરિયાદી વિજય વિઠૃલભાઈ પટણીને આંક–૦૬થી સોગંદપર તપાસતાં તેઓ એવી હકીકત જણાવે છે કે ગઈ તા.૧૯/૦૯/૨૦૨૧ ના રોજ સવારના તેઓ તેમના ઘરેથી મેઘાણીનગર ચમનપુરા બાપાલાલ ઘાંચીની ચાલી, ગેઈટ નં.૨ પાસે આવેલ સરકારી રાશનની દુકાને રાશન લેવા તેમના મિત્ર મનોજભાઈ ભરતભાઈ પટણી સાથે ગયેલ હતાં. તેઓ સવારના દસેક વાગ્યાના સુમારે સરકારી રાશનકાર્ડની દુકાને ઓટલા પર જાહેરમાં ઉભા હતાં ત્યારે મહેશ ઉર્ફે શેરાવાળો વિઠૃલભાઈ પટણી તથા મનિષભાઈ વિઠૃલભાઈ પટણી બંને જણા તેમની પાસે આવેલ અને બંને જણા તેમની સાથે બોલચાલી કરવા લાગેલ, તેથી વિશેષ કાંઈ બનેલ નહીં. બનાવ અંગે મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી જે ફરિયાદમાં તેમના અંગુઠાનું નિશાન છે જે ઓળખી બતાવી ફરિયાદ આંક–૭થી રજુ કરેલ છે. સામાન્ય બોલાચાલી સિવાય બીજું કંઈપણ બનેલ નથી. આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સદરહુ ફરિયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન નહીં આપતા વિ.એ. પી.પી. શ્રી એ ઉપરોકત સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા, પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ મુજબ વિ. એ.પી.પી. શ્રીને સાહેદને ઉલટતપાસ માં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપ્યા બાદ, વિ.એ.પી.પી.શ્રીની ઉલટતપાસ

દરમ્યાન ફરિયાદપક્ષના કેસને કોઈ સમર્થનકારક પુરાવો રજુ થયેલ નથી.

આરોપી તરફે ફરિયાદીની ઉલટતપાસ કરતાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બોલાચાલીનો બનાવ બનેલો તે સિવાય બીજું કશું બનેલું નહીં. તેમજ સ્વીકારેલ છે કે આરોપીઓએ તેમને કોઈ બિભત્સ ગાળો બોલેલ નથી કે ફેંટો કે હથિયાર પાઈપ વડે માર મારેલ નથી. ત્યારબાદ સ્વીકારેલ છે કે બનાવ સમયે ભેગા થયેલ માણસોમાં ધકકામુકકી થતાં પડી જતાં તેઓને ઈજા થતાં સામાન્ય બોલાચાલી બાબતની ફરિયાદ આપેલી. વધુમાં સ્વીકારેલ છે કે બનાવ સમયે આરોપી પાસે કોઈ હથિયાર ન હતું અને તેઓએ ડોકટર રૂબરૂ કોઈ આરોપીના નામ લખાવેલ નથી. ત્યારબાદ કબુલ કરેલ છે કે પોલીસે લખેલી ફરિયાદમાં તેમની સહી લીધેલ અને તેમાં શું લખેલ હતું તેની તેઓને ખબર નથી.

(સી) ફરિયાદીની ઉપરોકત જુબાની પરથી એટલું ફલીત થાય છે કે, બનાવમાં આ કામના ફરિયાદી અને આરોપી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ અને તે સમયે આજુબાજુના લોકો ભેગા થઈ જતાં ધકકામુકકી થતાં પડી જતાં ફરિયાદીને ઈજા થયેલી, આ સિવાય ફરિયાદ મુજબનો કોઈ બનાવ બનેલાનું બહાર આવેલ નથી. આ કામના ફરિયાદીના ભાઈ સતિષ અને આરોપીઓ વચ્ચે બે વર્ષ અગાઉ ઝઘડો થયેલ તેની અદાવત રાખી આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ફરિયાદીને બિભત્સ ગાળો આપી લોખંડની પાઈપ વડે માર મારી સ્વૈચ્છાપૂર્વક મહાવ્યથા નિપજાવેલ હોય કે હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આંક–૭ની ફરિયાદ હકીકતને ફરિયાદીના પુરાવાથી લેશમાત્ર સમર્થન મળતું નથી તેથી આંક–૭વાળી ફરિયાદ પુરવાર થતી નથી. ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે આંક–૮થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું, આંક–૯થી હથિયાર લોખંડની પાઈપ કબજે કર્યાનું પંચનામું, આંક–૧૦ફરિયાદીનું ઈજા

પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે જે બચાવપક્ષે કબુલ કરતા રજુ થયેલ છે પરંતુ ફરિયાદીના પુરાવાથી ફરિયાદ હકીકતને સમર્થનકારી લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ ના હોય આ દસ્તાવેજો ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થતા નથી.

(ડી) આમ, ફરિયાદપક્ષના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં, ગઈ તા.૧૯/૦૯/૨૦૨૧ના સવારના દસેક વાગ્યાના સુમારે ફરિયાદી મેઘાણીનગર, ચમનપુરા, બાપાલાલ ઘાંચીની ચાલી, ગેટ નં.ર પાસે આવેલ સરકારી રાશનકાર્ડની દુકાનના ઓટલા ઉપર ઉભા હતાં ત્યારે આરોપી મહેશ ઉર્ફે શેરાવાળો ઉર્ફે નાનુભાઈ પટણી તથા મનિષભાઈ વિઠૃલભાઈ પટણીનાએ તેઓને ફરિયાદીના ભાઈ સતિષભાઈ વિઠૃલભાઈ સાથે બે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી ફરિયાદીને બિભત્સ ગાળો આપી બંને આરોપીઓએ ફરિયાદીને લોખંડની પાઈપ વડે માર મારી સ્વૈચ્છાપૂર્વક મહાવ્યથા નિપજાવી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૬, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧)મુજબ ના આવશ્યક તત્વોનો અભાવ જણાય છે. રેકર્ડ ઉપરનો પુરાવો જોતા ફરિયાદપક્ષ આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય આ અદાલત મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો હુકમ કરું છું.

## **-::: હુ ક મ :::-**

**(૧)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૪૮(૧)મુજબ આરોપી મહેશ ઉર્ફે શેરાવાળો ઉર્ફે નાનુભાઈ વિઠૃલભાઈ પટણી(લેલીવાળા), ઉ.વ.૨૩નાઓને તેમની સામેના આક્ષેપિત ઈ.પી.કો. કલમ ૩૨૬,

૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)**આરોપીના જામીન તથા જામીન ખત આથી રદ કરવામાં આવે છે અને આરોપીએ સીઆરપીસી કલમ ૪૩૭(એ) મુજબ નવા જામીન આપવા.

(૩) અપીલ સમય વિત્યે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ નાશ કરવો.

(૪) આરોપીના વિ.વ.શ્રીએ આરોપીની એકઝામ્પશન અરજી આપેલ હોય સદર હુકમ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૩(૬) અન્વયે આરોપીની ગેરહાજરીમાં જાહેર કર્યો.

હુકમ આજરોજ **તારીખ:૧૧મી માહે જુલાઈ સને ૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૧/૦૭/૨૦૨૩**
**અમદાવાદ.**

**(એ.જી. ઓઝા)**
**એડિ.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૩, અમદાવાદ.**
**કોડ નં. GJ-00839**